બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧)

**નોંધ :-** **(૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ, અગિયારમી આવૃત્તિ - ડિસેમ્બર ૨૦૦૯)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ શ્રીજીમહારાજ - ખીમબાઈને (૩/૧૫)
➪ બોટાદના હમીરખાચરની મરેલી ઘોડીને જીવતી કરી. વ્યાપકાનંદ સ્વામી ઝીંઝાવદરમાં મહારાજ પાસે પધાર્યા ત્યારે.

૨. ➪ શ્રીજીમહારાજ - કાશીદાસને (૧૨/૨૯)
➪ કાશીદાસ ગળીનો વેપાર કરતાં તેમાં જીવાત બહુ મરતી. હિંસા બહુ થાય. પણ ખેતીમાં કશુ પાકતું નહિ તેથી કાશીદાસ કરે પણ શું ? ત્યારે શ્રીજીમહારાજે કાશીદાસને આ વરદાન આપી ગળીના કુંડ ખોદાવી નંખાવ્યા.

૩. ➪ શ્રીજીમહારાજ - મુક્તાનંદ સ્વામીને (૨૩/૬૨)
➪ તાવી ગામને પાદર વાળંદ પાસે વતુ કરાવવા બેઠેલા મહારાજને વાળંદનો હાથ ભારે લાગે છે ત્યારે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ઝમકુબાએ રાજ્ય વૈભવ છોડી દેવાનો નિશ્ચય કર્યો. (૧૭/૫૦)

જ. મછિયાવના મૂળજી બ્રાહ્મણે ઉદેપુરમાં રાણીવાસમાં બાઈઓને શ્રીજીમહારાજના મહિમાની ખૂબ વાતો કરી. ઝમકુબાએ આ વાતો સાંભળી. તેમનો પતિ રાણો આસુરી જીવ હતો. અભક્ષ્ય વસ્તુઓ ખાતો અને રાણીને પણ ખાવા આગ્રહ કરતો. આ ત્રાસનો અંત લાવવા ઝમકુબાએ રાજ્ય વૈભવ છોડીને પ્રગટ ભગવાન પાસે દોડી જવાનો નિશ્ચય કર્યો.

૨. શ્રીજીમહારાજે ગોપીનાથ મહારાજની જય બોલાવી. (૧૫/૩૫)

જ. દૂબળી ભટ્ટ પાસે ગામમાં ઘર કે સીમમાં ખેતર ન હતું. યજમાનવૃત્તિ કરી પેટ ભરે છે. આ જે કંઈ થોડી ઘણી મૂડી ભેગી થઈ હતી. તે બધી શ્રીજીમહારાજના ચરણોમાં ગોપીનાથની સેવામાં ધરી દીધી. ભક્તોનો આવો ભાવ છે, તો અમારું મંદિર પૂરું જ થયું છે. માટે શ્રીજીમહારાજે ગોપીનાથ મહારાજની જય બોલાવી.

૩. ભાઈસ્વામીને શ્રીજીમહારાજ ધામમાં તેડી જતા ન હતા. (૧૧/૨૮)

જ. ભાઈસ્વામી શ્રીજીમહારાજનો સર્વોપરી મહિમા સમજતા ન હતા. કેટલાય પ્રસંગોએ શ્રીજીમહારાજે તેમની હાજરીમાં જ પોતાનું સર્વોપરીપણું સમજાવ્યું હોવા છતાં તેઓ શ્રીજીમહારાજને અવતાર જેવા સમજતા હતા.

**પ્ર.૩** 'સગરામ' (૨/૧૧) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

વઢવાણ પાસેના લીમલી ગામનો સગરામ જાતે વાઘરી તેને મુક્તાનંદ સ્વામીએ વર્તમાન ધરાવી સત્સંગી કર્યો. બ્રાહ્મણ કરતાં પણ અધિક આચાર પાળતો. પરસ્ત્રીને અડાય તો ઉપવાસ. અગણોતેરામાં ભારે દુકાળ પડવાથી સગરામ પોતાની સ્ત્રી સાથે મુક્તાનંદ સ્વામી સુરત બિરાજતા હતા તેથી ત્યાં જવા નીકળે છે. રસ્તામાં તેના પગે શેર ભારનો રૂપાનો તોડો અથડાય છે. ખરાબ વખત હોવાથી પોતાની સ્ત્રીનું મન તેમાં લોભાય નહિ તેથી ધૂળ વાળી. સગરામની પત્ની શ્રીજીમહારાજનું સ્મરણ કરતી પાછળ આવે છે. તેણે સગરામને કંઈક કરતાં જોયો તેથી પૂછ્યું, સગરામે બધી વાત કરી. આથી તેની સ્ત્રીએ કહ્યું કે 'ધૂળ પર ધૂળ શું વાળો છો. હું તો પારકી વસ્તુને ધૂળ જ સમજું છું.' થોડાક આગળ જતાં કેટલાક લોકોએ સગરામને હલકા વરણનો જાણી તોડા વિષે પૂછ્યું. સગરામે તેની એંધાણી આપી. વિશ્વાસ ન આવવાથી સગરામને સાથે લીધો. તોડો એમનો એમ પડેલો જોઈ આશ્ચર્ય થયું. બક્ષિસ આપવા લાગ્યા. ત્યારે વિનયથી કહ્યું : 'અમે સ્વામિનારાયણના ભગત, અમારો ધરમ સાચવીએ.' ભાવનગરના વજેસંગ બાપુએ સગરામને મળવા બોલાવ્યો. તને સ્વામિનારાયણે કંઈ પરચો બતાવ્યો છે. ત્યારે સગરામે કહ્યું 'આપ ખાવંદ ધણી, આપના ખોળામાં મને બેસવા મળ્યું એ જ મારે મન પરચો. અમે વાઘરી પશુ જેવા તે સ્વામિનારાયણે ધરમ નિયમ આપી શુદ્ધ બનાવ્યા. વાઘરીને વૈષ્ણવ બનાવ્યો. બાપુ રાજી. સગરામની સાચી ભક્તિથી શ્રીજીમહારાજ રાજી. એક વખત સગરામના મનમાં વિચાર આવ્યો. શ્રીજીમહારાજ મારા કૂબામાં પધારે તો કેવું સારું ! દયાળુ પ્રભુ રાત્રે છાના માના સગરામના કૂબામાં આવી પહોંચ્યા.

સગરામ નાચવા કૂદવા લાગ્યો. મારા કૂબામાં હાથી પેઠો. વાઘરીના ઘરમાં વળી ભગવાન ક્યાંથી ? સગરામને ઘેર ધાન જમ્યા. સગરામ વિદ્વાન ઘણો, શિયાણીના શિવરામ ભટ્ટને પ્રશ્નોત્તરમાં પાછા પાડી શ્રીજીમહારાજના આશ્રિત બનાવ્યા

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવાની આજ્ઞા કયા વચનામૃતમાં કરી છે ? (૧/૧)

જ. શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવાની આજ્ઞા ગ. અં. ૧ વચનામૃતમાં કરી છે.

૨. શાસ્ત્રીજી મહારાજે કયા પાંચ ઉપવાસ નિર્જળા કરવાની આજ્ઞા કરી છે ? (૧૬/૪૦)

જ. શાસ્ત્રીજી મહારાજે શ્રીહરિ જયંતી (રામનવમી), દેવપોઢી (અષાઢ સુદ) એકાદશી, જન્માષ્ટમી, પ્રબોધિની એકાદશી, જળઝીલણી એકાદશી એ પાંચ ઉપવાસ નિર્જળા કરવાની આજ્ઞા કરી છે.

૩. દાજીભાઈને સૌ કયા નામે બોલાવતા ? (૨૧/૫૭)

જ. દાજીભાઈને સૌ મોટાભાઈના નામે બોલાવતા.

૪. પત્ર વાંચી પ્રભાશંકરે શું નિર્ણય લીધો ? (૨૦/૫૬)

જ. પત્ર વાંચી પ્રભાશંકરે નિર્ણય લીધો કે આ લગન હવે બંધ રહેશે શ્રીજીમહારાજ મને વરતાલ તેડાવે છે.

૫. શ્રીજીમહારાજે લાધીબાઈની શી કસોટી કરી ? (૧૪/૩૪)

જ. શ્રીજીમહારાજે લાધીબાઈની કસોટી કરતાં કહ્યું કે 'તમે સાડલો ને ચૂડલો પહેરી, કપાળમાં ચાંદલો કરી, સેંથો પાડીને, ભડને નાકેથી પાણીનું બેડું ભરીને અહીં લાવો.

**પ્ર.૫** ''એક જણે લાખ ...... '' (૨૪/૬૪) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**'એક જણે લાખ રૂપિયાની બુદ્ધિ લીધી તેમ જ મોક્ષની બુદ્ધિ પણ અનેક પ્રકારની મોટા થકી શીખાય છે.'**

રાજકુમાર અને પ્રધાનપુત્ર બંને મિત્રો. એકવાર બીજે ગામ જવા નીકળ્યા. ત્યાં રસ્તામાં જંગલમાં રાત રોકાયા. સવારે ભૂખ લાગવાથી રાજકુમારે મિત્રને બાજુના ગામમાંથી ખાવાનું લઈ આવવા કહ્યું. પ્રધાનપુત્ર નજીકના ગામે ગયો પણ તે ગામના દરવાજા બંધ હતા. ગામનો રાજા નિર્વંશ મૃત્યુ પામ્યો હોવાથી ગામમાં જે પહેલો આવે તેને રાજગાદી મળે તેવું પ્રજાજનોએ નક્કી કર્યું હતું. સવારે દરવાજો ઊઘડ્યો ને પ્રધાનપુત્રે નગરમાં પ્રથમ પ્રવેશ કર્યો, સૌએ તેને રાજા બનાવ્યો. રાજકુમાર મિત્રની રાહ જોઈને થાકીને પ્રધાનપુત્રની શોધમાં તે જ ગામમાં આવતા એક દુકાને પાટિયું વાંચ્યું કે ''અહીં બુદ્ધિ વેચાય છે.'' કુતૂહલતાથી રાજકુમારે તે દુકાનમાં જઈ લાખ રૂપિયાની વીંટી આપી બુદ્ધિની માંગણી કરતાં શેઠે કાગળમાં લખી આપ્યું. ''આપણાથી નાનો હોય અને તેને અધિકાર મળ્યો હોય તો તેને નમી દેવું.'' આગળ જતાં રાજકુમારને રાજા તરીકે નીમાયેલા પ્રધાનપુત્રની સવારી મળી. પ્રથમ ક્રોધ આવ્યો પણ ચિઠ્ઠીની વાત યાદ આવતાં નીચા નમી સલામ કરી. પ્રધાનપુત્રે રાજકુમારને સલામ કરતાં જોયો એટલે રાજદરબારમાં આવી તેણે સૌને કહ્યું કે હવે હું રાજા છું તો મારી ઇચ્છા પ્રમાણે કરી શકું છું. એમ કહી તેણે પોતાના મિત્ર રાજકુમારને તેડાવ્યો અને તેને રાજગાદી સોંપી દીધી. રાજકુમારે બુદ્ધિ ખરીદી અને તેનો ઉપયોગ કર્યો તો રાજગાદી મળી. તેમ આપણું કલ્યાણ થાય તેવી બુદ્ધિ પણ મોટાપુરુષ પાસેથી મળે છે. આપણે તે બુદ્ધિયોગ મેળવવા માટે મોટાપુરુષનો સમાગમ કરીએ તો આપણને અક્ષરધામ મળી જાય.

**પ્ર.૬ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. જીવ અનંતના મોક્ષને અર્થે, અનાદિ અક્ષર સાથ લઈ, પ્રભુ........ વંદન
પુરુષોત્તમ નારાયણ પોતે, પ્રગટ્યા માનવ દેહ ધરી, (૧૩/૩૨)

૨. માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે. હો નિશ.
અંતર કપટ મેટકે અપનો, લે ઉનકું મન દીજે. (૪/૧૬)

૩. अयं निजः परो वेति गणना लघुचेतसाम् । उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥(૨૨/૬૦)

૪. ગુજરાતી ભાષાંતર : જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો જ પ્રસંગ જો ભગવાનના પરમ એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. (૨૨/૬૦)

**(વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ, બારમી આવૃત્તિ - ફેબ્રુઆરી, ૨૦૧૦)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➫ દોલતરામભાઈ - શાસ્ત્રીજી મહારાજને (૩૮/૬૭)

➫ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તથા અક્ષર સહિત પુરુષોત્તમની નિષ્ઠા અને એ બંને સ્વરૂપો શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ દ્વારા પ્રગટ જ છે. એ વાત તેમના જીવમાં ઠસી ગઈ. ત્યારે તેઓ બોલી ઊઠ્યા.

૨. ➫ સ્વામીશ્રી - ફોજદારને (૨૩/૪૧)

➫ સ્વામીશ્રી વડોદરામાં જે બંગલામાં હતા. ત્યાં ઈંટ, પથરા અને તૂટેલા કાચો જોઈ ફોજદારે કાગળિયાં કર્યાં. સ્વામીશ્રીને પગે પડી કહ્યું : તમે સાધુઓનાં નામ આપો એટલે તેમને પકડી લઉં. ત્યારે સ્વામીશ્રી ફોજદારને કહે છે.

૩. ➫ રણછોડ ભગત - યોગી સ્વામીને (યોગીજી મહારાજને) (૪૪/૭૪)

➫ આશી ગામમાં વહેલી સવારે યોગી સ્વામીએ નરસિંહ મહેતાનું પદ 'અડસઠ તીરથ મારા......' ગાયું ત્યારે રણછોડ પટેલ કહે છે.

**પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. કરમસદમાં છ વર્ષના ડુંગરને જોઈ સૌ વિસ્મય પામ્યા. (૩/૫)

જ. કરમસદમાં લગ્ન પ્રસંગે ડુંગર ભક્ત ગયા હતા. તે દિવસે એકાદશી હોવાથી ડુંગર ભક્તે કશું જ જમવાની ના પાડી. છ વર્ષના બાળકને સારાં સારાં ભોજન મૂકી એકાદશી કરતાં જોઈ સૌ વિસ્મય પામ્યાં.

૨. સ્વામીશ્રીએ વરતાલનો દરવાજો છોડવાની ના કહી. (૨૯/૫૧)

જ. કોઠારી ગોરધનભાઈએ ભલામણ કરી કે આ વખતે શાસ્ત્રીને મૂકીને જશો નહિ. તેથી હરિભક્તોએ સ્વામીશ્રીને વરતાલથી નીકળી જવાની વાત કરી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'ભગતજી મહારાજે મને કહ્યું છે કે તમારા કટકા કરી નાખશે તો હું સાંધી દઈશ. પણ વરતાલનો દરવાજો છોડશો નહીં.' માટે સ્વામીશ્રીએ વરતાલનો દરવાજો છોડવાની ના કહી.

૩. સ્વામીશ્રી ઝોળી માંગવાનો આગ્રહ રાખતા. (૪૫/૭૫)

જ. સ્વામીશ્રીએ કુબેરભાઈને કહ્યું 'તમારી સેવા તો અપાર છે, પણ અનેક મુમુક્ષુઓને દર્શન થાય તે માટે જેમ મહારાજે ઝોળી માગી હતી તેમ અમારે ઝોળી માગવી છે.' વળી તેઓ કહેતા 'અક્ષરપુરુષોત્તમને માટે તો શ્વપચને ઘેર વેચાવું પડે તોપણ ઓછું છે. મારી ઝોળીમાં જેનો જેનો કણ પણ આવશે તેને અક્ષરધામમાં લઈ જવા છે.

**પ્ર.૯** 'ગુણાતીત માટે મૂંડાવ્યું છે' (૩૯/૬૭) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

સારંગપુર મંદિરનું કામ અટકાવવા માટે દ્વેષીઓએ ઘણા વિઘ્નો નાંખ્યા પણ કામ અટક્યું નહીં. 'ઠાકોરદ્વારો થશે' અને 'કંટાળીને ભાગી જશે.' એમ કહેનારા આંખો ફાડીને જોઈ રહ્યા અને મૂર્તિપ્રતિષ્ઠાનો દિવસ નજીક આવતો ગયો. લીમડીના ઠાકોર સાહેબને ઉંધુંચત્તું સમજાવીને કામ અટકાવવાનો વ્યર્થ પ્રયત્ન કરતાં ઠાકોર સાહેબને સમજાવ્યું કે આપણા ઈષ્ટદેવ તો રાધાકૃષ્ણ કહેવાય. તેમને મૂકીને આ શાસ્ત્રી તો તેમના ગુરુ જાગા અને પ્રાગાની મૂર્તિઓ પધરાવશે. રાધાકૃષ્ણની મૂર્તિ મધ્ય મંદિરમાં પધરાવે તો જ મંદિર બરાબર થયું કહેવાય. ઠાકોર સાહેબને આ વાત બેસી ગઈ. સ્વામીશ્રીના દર્શને ગયા ત્યારે તેમણે સ્વામીશ્રીને કે પૂછયું કે ગોપાળાનંદ સ્વામી પાસે ચમત્કારી લાકડી હતી તેવી કોઈ ચીજ તમારી પાસે છે ? ત્યારે હિંમતલાલભાઈએ કહ્યું : આ સાધુ તો નવી લાકડી કરે એવા સમર્થ છે. ત્યારે ઠાકોર સાહેબે કહ્યું : મને પણ સ્વામીશ્રીના પ્રતાપનો અનુભવ છે. ત્યારબાદ ઠાકોર સાહેબે મધ્ય મંદિરમાં રાધાકૃષ્ણદેવને પધરાવવાનો આગ્રહ રાખ્યો. અનેક પ્રસંગે અનેક પ્રકારે મદદ કરનાર આ સત્તાધારીની શેહ-શરમમાં જરાય તણાયા વિના સ્વામીશ્રીએ કહી દીધું 'અમે જે કષ્ટ સહન કર્યાં છે તે ઈષ્ટદેવ મહાપ્રભુ સહજાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી માટે જ અને આ મુંડાવ્યું પણ તેમના માટે જ છે. માટે મધ્ય મંદિરમાં તો ગુણાતીતાનંદ સ્વામી અને શ્રીજીમહારાજની જ મૂર્તિઓ બેસશે. રાધાકૃષ્ણની મૂર્તિઓ પ્રથમ ખંડમાં પધરાવીશું. સ્વામીશ્રીની નીડર અને સત્તાવાહી સ્પષ્ટ વાત સાંભળી ને ઠાકોર સાહેબે પોતાનો આગ્રહ પડતો મૂક્તાં કહ્યું : 'આપને યોગ્ય લાગે તેમ કરો. અમારા બોલ્યા સામું ન જોશો. વિરોધીઓનો આ પાસો પણ પાર ન પડ્યો.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શાસ્ત્રીજી મહારાજે કોની અંતિમ સેવા કરવાનો લાભ લીધો ? (૨૧/૩૮)

જ. શાસ્ત્રીજી મહારાજે જાગા સ્વામીની અંતિમ સેવા કરવાનો લાભ લીધો

૨. ગોરધનભાઈ કોઠારી શાસ્ત્રીજી મહારાજની સાધુતા વિશે શું કહેતા ? (૨૭/૪૭)

જ. વરતાલના બે હજાર સાધુઓમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી જેવો સર્વ પ્રકારે ધન, સ્ત્રીનો ત્યાગી મેં હજુ સુધી કોઈ દીઠો નથી.

૩. શાસ્ત્રીજી મહારાજ ક્યાં અને ક્યારે ધામમાં પધાર્યા ? (૫૯/૯૪)

જ. શાસ્ત્રીજી મહારાજ સારંગપુરમાં અને સંવત ૨૦૦૭ના વૈશાખ સુદ ૪ ના દિવસે ધામમાં પધાર્યા

૪. શાસ્ત્રીજી મહારાજે કયાં પાંચ મંદિરો બાંધ્યાં ? (૩૪/૫૯, ૪૦/૬૯, ૪૭/૭૭, ૫૧/૮૪, ૫૮/૯૩)

જ. શાસ્ત્રીજી મહારાજે બોચાસણ, સારંગપુર, ગોંડળ, અટલાદરા, ગઢડા મંદિરો બાંધ્યાં.

૫. હરિલાલ શેઠે પહેલું પૂજન કોનું કરવાનું કહ્યું ? (૧૯/૩૪)

જ. હરિલાલ શેઠે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીનું પહેલું પૂજન કરવાનું કહ્યું.

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩, ૪ (૬/૧૧) **૨.** ૨, ૩ (૯/૧૯) **૩.** ૨, ૪ (૨૫/૪૪)

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **નિર્ભયતા :** એક વખત તેમના પિતાશ્રી તેમને સૂતેલા મૂકી ખેતરે ગયા. થોડી વારે ડુંગર ભક્ત જાગી ગયા. જોયું તો પિતાશ્રી ન હતા. મધરાત થઈ હતી. (૪/૬)

૨. **અક્ષરધામનો દરવાજો :** કેટલાકને એમ સંકલ્પ થતો કે 'આવું ભવ્ય મંદિર તો માંડ પૂરું કર્યું. વળી તેમાં આવો મોટો દરવાજો કરવાની શી જરૂર છે ? (૫૨/૮૫)

૩. **ગુરુશિષ્યનો પ્રેમપ્રવાહ :** વરતાલ મંદિરમાં દર્શન કરતા યજ્ઞપુરુષદાસજીને એક સાધુએ મોટો સૂયો ઘોંચ્યો અને બીજાએ લાતો મારી પણ તેઓ બધું સહન કરી ધીરજ ધારી રહ્યા. (૧૩/૨૬)

૪. **અડસઠ તીરથ :** સૌ સૂતા પછી તેમણે મંદિરની ડેલી બંધ કરી માળા ફેરવવી શરૂ કરી. બરાબર એક કલાક પછી ડેલી આપોઆપ ખૂલી ગઈ. (૪૪/૭૪)

૫. **અજાતશત્રુ :** ગોમતી તળાવને રસ્તે ગામના પોલીસ પટેલ કિશોરભાઈ મળ્યા. તેમણે જાણ્યું કે સ્વામીશ્રીને વરતાલથી બહાર નીકળવું પડ્યું છે, એટલે તે દોડતાં મંદિર તરફ ગયા. (૩૦/૫૪)

૬. **ઠાકરિયો વીંછી :** ડભોઈમાં પુરાણી મોરલીધરદાસને ભગતજી પ્રત્યે અભાવ હતો તે વાતો કરી કાઢી નાખ્યો અને ભગતજીનો મહિમા સમજાવ્યો. ભગતજીને આ વાતની ખબર પડી ત્યારે બોલ્યા : 'યજ્ઞપુરુષદાસજી તો ઠાકરિયો વીંછી છે.' (૧૫/૨૭)

❑ ❑ ❑